**CRMA NO:5256/2026**

**<u>મહે.અમદાવાદના ૪૩ મા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી,</u>**
**<u>કોર્ટ નં.૩, મુ.અમદાવાદ શહેર</u>**

**ફોજ.પરચુ અરજી નં.પ૨પ૬/૨૦૨૬**

**અરજદાર–** **રોહીત સ/ઓ વાડીલાલ નેનાલાલ ચુનારા,**
**રહે.જજ સાહેબની ચાલી, પોટલીયા ચાર રસ્તા પાસે, સરસપુર, અમદાવાદ.**

**<u>વિરુધ્ધ</u>**

**સામાવાળા–** શ્રી સરકાર,

**અરજીઃ–** <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, સને–૨૦૨૩ ની કલમ–૪૮૦ અન્વયેની જામીન અરજી...</u>

-----------------------------------------------------------------

અરજદાર તરફેઃ– વિ.વ શ્રી આર. એસ. ભાલકીયા
સામાવાળા તરફેઃ– વિ.એ.પી.પી. શ્રી એચ. બી .દેસાઈ

-----------------------------------------------------------------

**<u>// હુ ક મ //</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૧૯૧૦૪૧૨૬૦૨૯૬/૨૦૨૬ પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઈ) ના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા (ટુંકમાં બી.એન.એસ.એસ) ની કલમ–૪૮૦ અન્વયે જામીન મુક્ત થવા રજુ કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ.વ.શ્રી તેમની મૌખિક દલીલમાં અરજીની વિગતો દલીલ સ્વરૂપે જણાવી વિશેષમાં જામીન મુકત થવાના મહત્વના કારણોમાં જણાવેલ છે કે આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી તેમજ આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં નહી આવે તો આરોપીને આર્થીક સામાજીક નુકશાન થાય તેમ છે આરોપી નાસીભાગી જાય તેમ નથી, આરોપી નામદાર અદાલત ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર તથા ખુશી છે. આમ તમામ હકીકતે હાલની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજી લગત શીન એન્ડ ઓબ્જેક્શનનો શેરો કરી એવી દલીલ કરવામા આવેલ છે કે, આરોપી સામેના આક્ષેપો પ્રથમદર્શનીય રજુ છે ત્યારે આક્ષેપિત ગુન્હામાંથી જામીન મુક્ત થવાની આરોપીની જામીન અરજી ના–મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) અરજી તથા અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા ફરિયાદપક્ષની મૌખિક દલીલ, રજુ દસ્તાવેજો ધ્યાને લેતા, આરોપી સામે પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઈ) મુજબના ગુન્હાઓનો આક્ષેપ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૦ હેઠળ જામીન મુકત કરવાની સતા તે અદાલતની મનસુફીની (વિવેકઆધીન) સતા રહેલ છે અદાલતે તેવી સતાનો મનસ્વીપણે નહી, પરંતુ

કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાતો અને મર્યાદામાં રહીને ઉપયોગ કરવાની છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતનોના અનેક ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જામીન અંગેના નિર્ણય હેતુ મહત્વના પાસા જેવા કે, આરોપીનો ગુનામાં ભજવેલ ભાગ તથા ગુનાની ગંભીરતા, સમાજ ઉપર તેમજ ફરીયાદી–સાહેદો ઉપર થનાર અસર, આરોપીનો ભુતકાળ, આરોપીની તપાસ તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરી વિગેરે મુદાઓ ધ્યાને લેવાના રહે છે. એફ.આઈ.આર.ની હકીકતે, _ફરિયાદમાં જણાવેલ સમય, તારીખ અને સ્થળે વગર પાસ પરમીટે ૨૪ લીટર દેશી દારૂ જેની કી.રૂા.૪૮૦૦/– નો મળી આવી ગુન્હો કરેલાનો આક્ષેપ છે._ આરોપી આ અદાલતની લોકલ હકુમતના રહેવાશી છે. સદર કામ સાથે રજુ રેકર્ડ ધ્યાને લેતા, આરોપી વિરૂધ્ધ અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે પરંતુ તે ગુન્હાઓ હાલ નિર્ણયાધીન હોય તેમજ આરોપી સામેની આક્ષેપીત ગુનાની વિગત તથા સજાની જોગવાઈઓ, કાયદાના સિધ્ધાંતો મુજબ જામીન આપવા તે નિયમ છે અને જામીન ન આપવા તે અપવાદ છે તેને ધ્યાને લેતા, આરોપીને શરતોને આધીન જામીન મુકત કરવો ન્યાયોચિત જણાઇ છે. આમ ઉપરોકત તમામ ચર્ચાના અંતે આ અરજી લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) આથી, હાલની આ અરજી નીચેની શરતોને આધીન **મંજુર** કરવામાં આવે છે.

(૨) આથી શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૧૯૧૦૪૧૨૬૦૨૯૬/૨૦૨૬ પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઈ) મુજબના ગુનાના કામે આરોપી **રોહીત સ/ઓ વાડીલાલ નેનાલાલ ચુનારા**ને રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા) ની રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો રજુ કર્યેથી નીચે મુજબની શરતોને આધીન મંજુર કરવા હુકમ ફરમાવામાં આવે છે.

### શરતો

(૧) આરોપીએ આક્ષેપીત પ્રકારનો કોઇ ગુનાહીત પ્રવૃતી કરવી નહી કે તેવી પ્રવૃતીમાં સામેલ થવુ નહી.

(૨) આરોપીએ અદાલતની પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૩) આરોપીએ હાલનુ તથા કાયમી રહેણાંકી સરનામુ મોબાઇલ નંબર સહી તેના આધાર પુરાવા સાથે અદાલતમાં રજુ કરવુ અને તેવુ સરનામુ અદાલતને જાણ કર્યા સિવાય બદલવુ નહી.

(૪) આરોપીએ અદાલતમાં નિયમિત મુદ્દત તારીખે હાજર રહેવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ શહેર.
તા.૧૬/૦૫/૨૦૨૬

ઈ/ચા. ૪૩ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ શહેર.